અપીલ અરજી નં.૩૪૬ તા.૨૦–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મો.રીજવાન અબ્દુલરબ આઝાદ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મો.રીજવાન અબ્દુલરબ આઝાદની તા. ૧૧–૮–૧૧ની અરજીથી (૧) ૧૨ / ૧૪૭૬ જેના પર આર.સી.સી.નું બાંધકામ થઈ રહેલ છે જેના બાંધકામની મંજુરીની નકલ, લે–આઉટ પ્લાનની નકલ કયા દસ્તાવેજી પુરાવાઓ મુકી પરવાનગીની મંજુરી મેળવેલ હોય તેની અરજી સાથેની નકલો આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૪૬/૨૦૧૧–૧૨

શ્રી મો.રીજવાન અબ્દુલરબ આઝાદની તા. ૧૧–૮–૧૧ની અરજીથી ૧૨/૧૪૭૬ જેના પર આર.સી.સી.નું બાંધકામ થઈ રહેલ છે જેના બાંધકામની મંજુરીની નકલ, લે–આઉટ પ્લાનની નકલ કયા દસ્તાવેજી પુરાવાઓ મુકી પરવાનગીની મંજુરી મેળવેલ હોય તેની અરજી સાથેની નકલો આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન./આરટીઆઈ/આઉટ નં./૯૮૪ તા. ૮–૯–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા તપાસણી અંગે રોજકામ–દફતરની ઉપલબ્ધતા–અપીલ અનુસારની વિગતે જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૧૯ તા.૪–૧૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના પત્ર અન્વયે કઈ તારીખે –કયા સમયે તપાસણી માટે કોનો સંપર્ક કરેલ તે આધાર હોય તો તેની સાથે રજુ કરવા તથા લગભગ બે સપ્તાહની વિલંબીત અપીલ અંગે વ્યાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૨૧ તા.૧૭–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ,નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૯૮૪ તા.૮–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૧–૧૧–૧૧ નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૧–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૯૮૪ તા.૮–૯–૧૧ થી " વોર્ડ નં.૧૨ નોંધ નં. ૧૪૭૨,૧૪૭૩/બી , ૧૪૭૪/એ–બી, અને ૧૪૭૫ વાળી મિલ્કતના મંજુર પ્લાનની નકલના રૂા.૫૯૮/– ભર્યેથી મળી શકશે તેમજ ફાઈલમાં રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓના ઈન્સ્પેકશન માટે આપ તા.૯–૯–૧૧ ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ દરમ્યાન શહેર વિકાસ ખાતુ ભગવાન ચેમ્બર્સ, બીજા માળે આવી ચકાસણી કરી શકશો જેમાં નિયમ મુજબ પ્રથમ અડધો કલાક ફ્રી રહેશે ત્યાર બાદ દર અડધા કલાક દીઠ રૂા.૨૦/– પ્રમાણે ચકાસણી ફી ભરવાની રહેશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે આજ દિન સુધી ફાઈલ શોધીને બતાવેલ નથી તથા મુળ અરજીથી માંગેલ માહિતી મળેલ ન હોવાનું જણાવી તા.૨૦–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. વધુમાં અરજદારને જાહેર માહિતી અધિકારીના પત્ર અન્વયે કઈ તારીખે –કયા સમયે તપાસણી માટે કોનો સંપર્ક કરેલ તે આધાર હોય તો તેની સાથે રજુ કરવા તથા લગભગ બે સપ્તાહની વિલંબીત અપીલ અંગે વ્યાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે આરટીઆઈ અરજીના દિન–૩૦ પૂરા થયાથી અપીલ દાખલ કર્યા સુધી જાહેર માહિતીઅ ધિકારીએ ફાઈલ તપાસ કરવા માટે ધકકે ચઢાવેલ હોય ફાઈલ નિરીક્ષણ કરવાનું બાકી હોય જેની તા.૯–૯–૧૧ હોય અધિકારીના કહેવા મુજબ " ફાઈલ શોધી થોડા દિવસમાં અમો તમને ફોન કરી જાણ કરીશું " પણ ફાઈલ શોધેલ નથી, કોઈ પણ જાતની જાણ કરેલ નથી તેથી તા.૯–૯–૧૧ ના પહેલાથી અપીલ દાખલ કરવાની તારીખો સુધી અમો સેન્ટ્રલઝોનના ધકકા ખાધેલ છે તે કારણોથી અપીલ દાખલ કરવામાં વિલંબિત થયેલ છે. તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ– ૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિમાં પ્રથમ અપીલ કરવાની જોગવાઈ છે તે સિવાય વિલંબિત અપીલ ગ્રાહય રાખવાનું અપીલ અધિકારીની વિવેકબુધ્ધિને આધિન ગુણદોષ પર નિર્ભર છે. અરજદારે વિલંબિત અપીલ અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબના કોઈ કારણ કે વ્યાજબીપણુ રજુ કરેલ નથી. તેથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરીતાર્થ

થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે. વધુમાં અરજદારે તા.૨૧–૧૧–૧૧ ના પત્રથી માહિતીની અમોને જરૂર ના હોય તેથી અમારી માહિતીની અપીલ અરજીને દફતરે કરી દેવામાં આવે જેનો અમોને કોઈ વાંધો નથી જે આ અરજી કરીએ છીએ તેવો જણાવતો પત્ર અત્રે મળેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય તથા અરજદાર ધ્વારા તા.૨૧–૧૧–૧૧ ના પત્રથી માહિતીની તેઓને જરૂર ન હોય અપીલ અરજી દફતરે કરવા જણાવેલ બાબત ધ્યાને લેતાં અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મો.રીજવાન અબ્દુલ રબ આઝાદ,